## સુત્રાપાડા ના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

## મુ. : સુત્રાપાડા.

ફોજદારી કેસ નંબર :,૧૫૯/૨૦૨૬
**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર
(સુત્રાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૬૨૪૦૮૩૧/૨૦૨૪)

વિરૂધ્ધ

**આરોપીઓ :** (૧) દુર્ગાપ્રસાદ ઉર્ફે દિલીપ લીંગીયા બંટુ ,ઉ.વ.૪૧ વર્ષ
રહે : મુળ ગામ,દુગનવેલી તા.કંટગુર,જી.નાલાગોંડા,રાજય.તેલંગણા
હાલ રહે.ધંટીયા ,આલીદ્રારોડ ઝુંપડામા,તા.સુત્રાપાડા જી.ગીરસોમનાથ
(૨) શ્રીનિવાસ ઉર્ફે ચીનુ નરસિંહમા દેંકલા,ઉ.વ. ૪૪ વર્ષ
મુળ રહે. ૬/૩૦ રામનગર કોલોની પોચમાપલી જી.નાલગોંડા,રાજય. તેલંગણા
હાલ રે.લોટાવાળા ગામ,તા.સંતરામપુર,જી.મહીસાગર
(૩) મહેશ ચીના રાજજના પોર્ન ચેટી,ઉ.વ. ૩૭ વર્ષ
રહે.કોપરકેરના,કાંચનજંઘા સોસાયટી,એ વિંગ ફ્લેટ નં.૧૦૩,ન્યુ મુંબઈ,મહારાષ્ટ્ર,મુળ રહે.જબીધાપુરમ જગતીયાલા મંડલમ કરીમનગર,તેલંગણા
(૪) તિરૂપતિ શંકર એગોલપુ ,ઉવ.૪૨ વર્ષ,રહે.અનસુલ હાઈટ્સ ન્યુ લીંક રોડ, વસંત કોમ્પલેક્ષની બાજુમા મહાવીર નગર,પશ્ચિમ કાંદીવલી મુંબઈ, મહારાષ્ટ્ર,મુળ રહે.જગતીયાલ વિર્ધાનગર તા.જી.જગતીયાલ તેલંગણા

**ગુન્હો :** બી.એન.એસ કલમ ૧૨૩ તથા પ્રોહી.કલમ ૬૫ (એએ),૬૬(૧)સી,૬૬(૧)ડી, ૮૧ મુજબ.....

## – :: કમીટલ ઓર્ડર :: –

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સુત્રાપાડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧ ૮૬૦૦૬૨૨૪૦૮૩૧/૨૦૨૪ ના ગુનાની આ ચાર્જશીટમાઆરોપી સામે બી.એન.એસ કલમ ૧૨૩ તથા પ્રોહી.કલમ ૬૫ (એએ),૬૬(૧)સી,૬૬(૧)ડી, ૮૧ મુજબના ગુનો નોંધાયેલ છે.આરોપીઓ સામેનો ગુનો નામદાર સેશન્સ કોર્ટ ટ્રાયેબલ ગુનો હોવાથી આરોપીઓ સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા અત્રેની કોર્ટને હુકમત નથી. જેથી આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ કેસ નામદાર સેશન્સ કોર્ટને કમીટ કરવો જરૂરી છે.

૨. સદર કામે આરોપીઓ જામીન ઉપર મુકત હોય,આરોપીઓને હાજર રહેવા અંગે સમન્સ કરવામાં આવતાં તેઓ અત્રેની અદાલતમાં હાજર છે. તેઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦

અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે,આરોપીઓનું પ્રાથમિક બ્યાન નોંધવામાં આવતા તેઓ નામદાર સેશન્સ અદાલતમાં ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

૩. સુત્રાપાડા પોલીસ સ્ટેશનનાં ઈ.ચા. પો.ઈ.શ્રીએ ઉપરોકત આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ ઉપરોકત કલમો મુજબનું અત્રેની અદાલતમાં તા.૦૯/૦૩/૨૦૨૬ નાં રોજ દાખલ કરેલ છે. ઉપરોકત મુજબનાં ગુના સબબનું તહોમત મુકવામાં આવેલ છે. આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમતની હકીકત તથા કેસનું રેકર્ડ તથા પોલીસ તપાસનાં કાગળો વંચાણે લેતા આરોપી સામેનો ગુન્હો નામદાર સેશન્સ અદાલતની હકુમતનો હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે. જેથી, આ અદાલતને સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા ન હોય, નામદાર સેશન્સ અદાલતમાં ચાલે તેમ હું માનું છું. તેથી, હાલનો ફોજદારી કેસ નામદાર સેશન્સ કોર્ટ, વેરાવળમાં કમીટ કરવાનો હુકમ ફરમાવું છું.

## – :: હુકમ :: –

૧. બી.એન.એસ.૨૦૨૩ ની કલમ ૨૩૨ હેઠળ હાલનો **ફો.કે.નં–૧૫૯/૨૦૨૬** નો કેસ સેશન્સ કમીટ કરવામાં આવે છે.

૨. આ કેસના કેસ કાગળો વ્યવસ્થિત રીતે તૈયાર કરી નામદાર સેશન્સ અદાલત,વેરાવળ તરફ મોકલી આપવા.

૩. આ કેસ કમીટ કર્યાની જાણ ડી.જી.પી શ્રી (સરકારી વકિલશ્રી) વેરાવળ ને કરવી.

૪. આરોપીઓ જામીન મુકત હોય તેને યોગ્ય રીતે નામદાર સેશન્સ અદાલત, વેરાવળ માં **મુદત તારીખ: ૧૮/૦૩/૨૦૨૬** નાં રોજ હાજર રહેવા જાણ કરેલ છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧મી, માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૩/૨૦૨૬
સ્થળ :સુત્રાપાડા.

(આર.એમ.ચાવડા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સુત્રાપાડા.
**(જજ કોડ જીજે.૦૧૫૨૪)**